

# આર્થિક હરણફાળ

**દેશના** અર્થતંત્ર અંગે સારા સમાચાર છે. વિશ્વબેંકે ૨૦૧૭ના વર્ષનું વૈશ્વિક આર્થિક મૂલ્યાંકન બુધવારે જાહેર કર્યું, તે મુજબ ભારતે ફ્રાન્સને પાછળ રાખીને છઠ્ઠી આર્થિક મહાસત્તા બનવા જેટલો આર્થિક વિકાસ સાધ્યો છે. ફ્રાન્સ કરતાં ભારતના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)ના દરમાં વધારો થયો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર પર આર્થિક નીતિઓ અંગે માછલાં ધોવાતાં રહ્યા પણ જુલાઈ, ૨૦૧૭થી ભારતની આર્થિક વૃદ્ધિ અને તેના વિકાસદરમાં નોંધનીય સુધારો જોવા મળ્યો છે. એમ જોવા જઈએ તો ફ્રાન્સની વસતી ૬૭ મિલ્યનની છે, જ્યારે ભારતની વસતિ ઘણી વધારે છે, તેમ છતાં પણ વિકાસદરમાં વૃદ્ધિ થઈ શકી છે. જોકે ફ્રાન્સનો પરકેપિટા જીડીપી દર ભારત કરતાં ૨૦ ગણો વધારે હોવાનું વિશ્વબેંક જણાવે છે.

વૈશ્વિક આર્થિક મૂલ્યાંકન મુજબ અમેરિકા પહેલા ક્રમે જ રહ્યું છે અને ત્યાર પછીના ક્રમ અનુક્રમે ચીન, જાપાન, જર્મની અને બ્રિટનનું સ્થાન છે. આ અગાઉ એ દેશો પછી ફ્રાન્સનો નંબર આવતો હતો, પરંતુ ૨૦૧૭ના પૂરા થતા વર્ષમાં ફ્રાન્સને પાછળ રાખી, ભારતે છઠ્ઠો ક્રમાંક હાંસલ કર્યો છે. એ સિદ્ધિનું સોપાન છે.

એમાં શંકાને સ્થાન નથી કે, આ સિદ્ધિ પાછળ સરકારે કરેલો ખર્ચ અને રોકાણનું પીઠબળ મુખ્ય પરિબળો છે. નિષ્ણાત વૈશ્વિક આર્થિક સર્વેક્ષણ કરતી સંસ્થાઓ તો એટલે સુધી કહે છે કે, ૨૦૧૯ના વર્ષમાં ભારત લક્ષ્યાંક સિદ્ધ કરી શકશે અને કદાચ ચીનને પણ પાછળ રાખી દેશે. એ ચિત્ર દક્ષિણ એશિયા પૂરતું સીમિત રહેશે, પરંતુ આગામી વર્ષ દરમ્યાન બ્રિટનને પણ ફ્રાન્સની માફક પાછળ રાખી દઈને વિશ્વમાં પાંચમું સ્થાન ધરાવતો દેશ બની જશે.

નોંધનીય બાબત એ છે કે, ૨૦૧૬ના વર્ષમાં ભારત દેશ ઝડપથી વિકસતા અર્થતંત્રવાળો દેશ હતો, જે કાયમી બિરુદ ચીનનું રહ્યું છે, પરંતુ એ એક વર્ષમાં કેન્દ્ર સરકારે નૉટબંધી અને જીએસટીનો અમલ કરવા જેવાં જે બે આર્થિક સુધારાનાં પગલાં લીધાં તેના કારણે વિકાસદર ૨૦૧૭ના જૂન મહિના સુધી ઘટતો રહ્યો. ફરી પાછો જુલાઈ મહિનાથી વિકાસદરમાં માત્ર સુધારો જ નહીં પણ નોંધનીય વધારો થયો જેના કારણે વિશ્વબેંકના નિરીક્ષણ મુજબ ભારત છઠ્ઠા ક્રમની આર્થિક મહાસત્તાનું સ્થાન મેળવી શકયો છે.

ગયા વર્ષે ભારતીય અર્થતંત્રનાં મુખ્ય પરિબળ ઉત્પાદક શક્તિ અને ગ્રાહકખર્ચ શક્તિ રહ્યાં. આ સિધ્ધિ તેના ફળસ્વરૂપે જ મળી છે. ભારતે છેલ્લા એક દાયકામાં જીડીપી દરમાં બેગણો વધારો કર્યો છે અને એવા સંકેતો દેખાઈ રહ્યા છે કે, એ એશિયા ખંડનું મુખ્ય 'ઈકોનોમિક એન્જિન' બની રહેશે. કારણ કે ચીનના વિકાસદરની ગતિ સરખામણીમાં અત્યંત ધીમી છે.

આ અગાઉ આંતરરાષ્ટ્રીય રોકાણકારો એવું કહેતા કે, નૉટબંધી અને જીએસટીના કારણે ભારતના વિકાસદર પર આંશિક અસર પાડી છે, પરંતુ ધીરે ધીરે તેઓ માનવા લાગ્યા કે, ભારતે તેના વિકાસદરમાં એ રીતે વૃદ્ધિ કરી છે કે, તે વિશ્વના વિકસતા અર્થતંત્રની છાપ પાડી શકયું છે. જાન્યુઆરી, ૨૦૧૮થી તો એ રફતારમાં તેજી આવી છે. જેનો યશ સરકારે લીધેલા આર્થિક સુધારાનાં વિવિધ પગલાં અને આર્થિક સુધારાની પ્રક્રિયાને મળે છે. રોકાણોમાં ઊંચી વૃદ્ધિ, વપરાશમાં મજબૂતાઈ આ બધાં પરિબળોની અસર આપોઆપ ઊભી થતી ગઈ છે.

સરકારે હજુ ફિમેલ લેબર ફોર્સમાં વધારો કરવાની જરૂર છે, જેની અસર ઉત્પાદન ક્ષમતા પર જોવા મળશે. હા, અત્યારે ઘણા દેશોની માફક ભારત પણ એક મોટા આયાતકાર તરીકે ઓઈલના ઊંચા ભાવોનો સમનો કરી રહ્યું છે, જેની અસર ગ્રોથ પ્રોસ્પેક્ટસ પર જરૂર પડશે તેમ છતાં પણ આર્થિક નિરીક્ષકો અને સર્વેક્ષણ સંસ્થાઓનું માનવું છે કે, મિડિયમ ટર્મમાં આર્થિક વિકાસનો દર મજબૂત બની રહેશે. કદાચ તેને દોઢથી બે વર્ષનો સમય પણ લાગે, એ દરમ્યાન 'ફિસ્કલ સ્લીપેજીસ' તેમ જ આર્થિક સુધારામાં વિલંબ ઉપરાંત બૅન્કિંગ માળખાની બીમારી અને વૈશ્વિક આર્થિક પરિસ્થિતિ આ બાબતો માથાના દુખાવા સમાન બની રહે.

યુએસની હાર્વર્ડ યુનિવર્સિટીનો અહેવાલ પણ એ વાતને પુષ્ટી આપે છે કે, આગામી દસ વર્ષમાં ભારત એ ઝડપથી વિકસતા અર્થતંત્રના દેશ તરીકે વિશ્વમાં ઉપસી આવશે. એટલું જ નહીં આગામી સાત વર્ષમાં 'રોજગાર વિકાસ' ક્ષેત્રે પણ ઘણું ઊંચુ સ્થાન ધરાવતો દેશ બની રહેશે.

કેમિકલ, વ્હીકલ્સ અને કેટલાંક વીજઉપકરણો જેવાં અત્યંત કોમ્પલેક્સ ક્ષેત્રોને નિકાસક્ષેત્રે સામેલ કરીને નિકાસનો આધાર વધારશે, જેના કારણે હાલની આવકમાં નોંધનીય વધારો થતાં અર્થતંત્રને બળ મળશે. ■

એકસ્ટ્રા અફેર | રાજીવ પંડિત

rajeev.pandit@bombaysamachar.com

# તાજની જાળવણી માટે અલગ તંત્ર ઊભું કરવું જરૂરી

**દુનિયાની** સાત અજાયબીઓમાં એક મનાતા તાજમહાલની જાળવણીને મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી થયેલી છે. તાજમહાલની જાળવણી બરાબર થતી નથી તેથી તાજમહાલ તેની ભવ્યતા ગુમાવી રહ્યો છે એવો દાવો કરીને એમ.સી. મહેતા નામના સજ્જને અરજી કરી છે. સુપ્રીમ કોર્ટ કેન્દ્ર ને ઉત્તર પ્રદેશ સરકાર બંનેને તાજમહાલની કાળજી લેવાનાં પગલાં લેવા ફરમાન કરે તેવી વિનંતી તેમણે આ અરજીમાં કરી છે. બુધવારે આ અરજી પર સુનાવણી હતી ને આ સુનાવણીમાં સુપ્રીમ કોર્ટના જજ બરાબરના બગડ્યા. સુપ્રીમ કોર્ટે તાજમહાલની જાળવણી થાય તેવી કોઈ આશા જ નથી તેવી ટીકા કરીને કેન્દ્ર સરકારને બરાબર ઝાટક્યાં. સાથે સાથે એવી ચીમકી પણ આપી કે તમારાથી તાજમહાલ ના જળવાતો હોય તો અમે તાજમહાલને તાળાં મરાવી દઈએ કાં પછી તમે તેને જમીનદોસ્ત કરી નાખો કે જેથી કાયમ માટે કંકાસ જાય. સુપ્રીમ કોર્ટે તાજમહાલની આસપાસ ઊભા થઈ રહેલા ઉદ્યોગોને મામલે પણ જવાબ માગ્યો છે ને બીજી ઘણી કડવી વાતો કરી છે. આ બધી વાતોનો ઉલ્લેખ શક્ય નથી પણ આ વાતોના કારણે નિંભર સરકારી તંત્ર પર કોઈ અસર થશે એવી આશા રાખવા જેવી નથી. સુપ્રીમ કોર્ટે આ બધી વાતો વાંરવાર કહી છે પણ આપણું સરકારી તંત્ર એટલું નિંભર છે કે તેના પર તેની અસર જ થતી નથી.

આપણે ત્યાં તાજ સહિતનાં ઐતિહાસિક સ્મારકોની જાળવણીનું કામ આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ) કરે છે. એએસઆઈનું તંત્ર સાવ સરકારી ઢબે ચાલે છે ને અંગ્રેજો જે હાલતમાં તેને છોડીને ગયેલા એ જ હાલતમાં હજુ પણ છે. તેની પાસે પૂરતા માણસો નથી, પૂરતું બજેટ નથી કે બીજી કોઈ સત્તા નથી. એએસઆઈ કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના તાબા હેઠળ કામ કરે છે એટલે તેમણે કશું પણ કરવું હોય તો ઉપરથી મંજૂરી લેવી પડે. સાંસ્કૃતિક મંત્રાલયમાં બેઠેલા રાજકારણીની દયા પર એ લોકો નભતા હોય છે એ સંજોગોમાં એ લોકો ધારે તો પણ કશું કરી શકે એમ નથી. એએસઆઈના માથે આખા દેશની પૌરાણિક અને ઐતિહાસિક ઈમારતોને જાળવવાની જવાબદારી છે. તેમાં તાજમહાલ, કુતુબમિનાર ને ચારમિનાર જેવી ઐતિહાસિક ઈમારતો તો આવી જ ગઈ પણ જૂનાં મંદિરો, ચર્ચ, મસ્જિદો, દરગાહો, કિલ્લા, વાવો, ગુફાઓ ને એ બધું આવી ગયું. ભારતભરમાં આવાં ૩૬૫૦ સ્થાનો છે. એએસઆઈને દેશભરમાં ૨૭ સર્કલમાં વહેંચવામાં આવ્યું છે. દરેકમાં ૧૦૦ કર્મચારીનો સ્ટાફ તો હોય જ નહીં પણ હોય તો પણ ૨૭૦૦ કર્મચારી થયા ને આ ૨૭૦૦ કર્મચારીઓના માથે ૩૬૫૦ ઈમારતોને જાળવવાની જવાબદારી છે. પહેલાં તો એ લોકો પહોંચી જ ના વળે ને પહોંચી વળે એમ હોય તો પણ તેમની માનસિકતા કામ નહીં કરવાની છે તેથી કશું થાય નહીં.

આ સિવાય બીજી મોટી સમસ્યા બજેટની છે. એએસઆઈનું આખા વર્ષનું બજેટ ૯૭૫ કરોડ રૂપિયા છે. ૨૦૧૮-૧૯ના બજેટમાં કરાયેલી આ જોગવાઈ છે. હવે ૩૬૫૦ ઈમારતો માટે ૯૭૫ કરોડ રૂપિયા ખર્ચવા જાઓ તો એક ઈમારતદીઠ ૨૬ લાખ રૂપિયા ભાગમાં આવે. આટલા રૂપિયામાં શું શકોરું થાય? આટલી રકમમાં તો તાજમહાલ કે લાલકિલ્લા જેવી ઈમારતોને વરસમાં એક વાર ક્લે મિનરલ પેસ્ટથી સાફ પણ ના કરી શકાય. ક્લે મિનરલ પેસ્ટથી પથ્થરો પર લાગેલી ગંદકી સાફ થાય છે ને પથ્થરો મૂળ જેવા લાગવા માંડે છે. ખરેખર તો દર વર્ષે એક વાર દરેક ઈમારતને આ પેસ્ટથી સાફ કરવી જોઈએ પણ પૈસા જ ના હોય તો એએસઆઈ પણ શું કરે ? કેન્દ્ર સરકાર જે બજેટ એએસઆઈને ફાળવે છે તેમાંથી મોટા ભાગની રકમ તો પગાર ને ઓફિસોના નિભાવ પાછળ જ વપરાઈ જાય છે. ઐતિહાસિક ઈમારતો માટે તો કશું બચતું જ નથી તેની પણ તકલીફ છે. જો કે માત્ર સરકારી તંત્ર પર બધો દોષનો ટોપલો ઢોળી દઈએ એ પણ ના ચાલે. આપણે ત્યાં લોકોમાં પણ પોતાના ઐતિહાસિક વારસા વિશે ગૌરવ નથી એ પણ એક કારણ છે. લોકો તાજમહાલમાં બધા ધંધા કરે છે ને તેને ઉકરડો બનાવીને મૂકી દીધો છે. સુપ્રીમ કોર્ટે જે આક્રોશ બતાવ્યો તેની સામે આપણને વાંધો નથી પણ સવાલ એ છે કે, કેન્દ્ર ને ઉત્તર પ્રદેશની સરકારો આ મામલે હોતા હૈ ચલતા હૈ એમ કરીને ચલાવે છે તો સુપ્રીમ કોર્ટનું વલણ શું છે ? સુપ્રીમ કોર્ટને ક્ષણિક ઊભરો આવી જાય છે ને પછી શમી જાય છે. તાજમહાલની જાળવણીના મામલે થયેલી આ અરજી લાંબા સમય પહેલાં થયેલી ને છ-આઠ મહિને તેની સુનાવણીનો વારો આવે ત્યારે સુપ્રીમ કોર્ટ ભડકે છે ને જે ઝપટે ચડે તેને ઝાટકી કાઢે છે પણ પછી કંઈ નહીં. છ-આઠ મહિને ફરી સુનાવણી થાય ત્યારે વાત. ગયા વરસે આ મામલે સુનાવણી થયેલી ત્યારે સુપ્રીમ કોર્ટે આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ)નાં છોતરાં કાઢી નાખેલાં પણ પછી રાત ગઈ બાત ગઈ. એ પછી ના એએસઆઈના અધિકારીઓ સામે કંઈ થયું કે ના તાજની જાળવણી લેવા માટે શું કરવું તેનાં કોઈ પગલાં સૂચવાયાં. અને આ વાત માત્ર એક કેસ પૂરતી નથી. સુપ્રીમ કોર્ટે પોતે જ કહ્યું છે કે, તેમણે તાજમહાલ મામલે ૧૯૯૬માં પહેલી વાર આદેશ આપેલો પણ તેનો અમલ થયો નથી. એ વખતે સુપ્રીમ કોર્ટે જે આદેશ આપ્યો હશે તે પણ તેમાં વાત તો તાજમહાલની યોગ્ય જાળવણી કરવાની જ હશે. આ ચુકાદાને ૨૨ વર્ષ થયાં ને છતાં કશું થયું નથી. કંઈ થયું હોત તો ફરી અરજી જ ના થઈ હોત ને ? સુપ્રીમના આદેશ છતાં કશું ના થયું તેનો અર્થ સુપ્રીમના આદેશની નાફરમાની જ કહેવાય. સુપ્રીમ કોર્ટે એ માટે કોઈની સામે પગલાં લીધાં ખરાં ? બિલકુલ નહીં. એ ચુકાદો પણ ભુલાઈ ગયો ને આપણે ઠેરના ઠેર છીએ. સુપ્રીમ કોર્ટે આ વખતે ૩૧ ઓગસ્ટથી રોજેરોજ સુનાવણી કરવાનું એલાન કર્યું છે એ સારું છે પણ એ સુનાવણી પછી શું એ સવાલ પણ ઊભો જ છે. આપણે ત્યાં સરકારી તંત્ર ગાળિયા કાઢવામાં ને એકબીજાને ટોપીઓ આપવામાં ઉસ્તાદ છે. સુપ્રીમ કોર્ટે સૌથી પહેલાં તો એ જવાબદારી નક્કી કરવી પડે ને ખરેખર તો તાજમહાલની જાળવણી માટે અલગ તંત્ર ઊભું કરવા આદેશ આપવો જોઈએ. અલગ તંત્ર ઊભું થશે તો જ તાજની યોગ્ય રીતે જાળવણી થશે, બાકી તો રામ રામ. તાજ માટે અલગ તંત્ર ઊભું કરવાનું અઘરું નથી ને વાસ્તવમાં તો યોગ્ય તંત્ર ઊભું કરાય તો તાજમહાલ આપણા માટે દૂઝણી ગાય સાબિત થાય એમ છે. સુપ્રીમ કોર્ટે છેલ્લી સુનાવણી વખતે કહેલું કે, આપણો તાજમહાલ પેરિસના એફિલ ટાવર કરતાં વધારે ભવ્ય છે ને લાજવાબ છે છતાં દર વર્ષે એફિલ ટાવરને જોવા વરસે ૮ કરોડ લોકો આવે છે ને તાજને જોવા માંડ દસ લાખ લોકો આવે છે. આ ફરક બહુ મોટો કહેવાય ને તેનું કારણ એ જ છે કે આપણામાં વેતો નથી. તાજમહાલ જેવી લાજવાબ ઈમારતને જાળવવાનું ને તેનું માર્કેટિંગ કરવાનું શહૂર આપણામાં નથી. આપણે તાજમહાલને ઉકરડો બનાવીને મૂકી દીધો છે. સામે એફિલ ટાવર જેવાં સ્થળોએ એટલી સ્વચ્છતા રખાય છે કે લોકોને ત્યાં બેસી રહેવામાં જ માનસિક શાંતિનો અનુભવ થાય. આપણે એફિલ ટાવર કે પિરામિડની જેમ તાજને ના સાચવી શકીએ તો કંઈ નહીં પણ કમ સે કમ આપણે ત્યાં જ નજર નાખીએ તો પણ રસ્તો મળે. રાજસ્થાનમાં જૂના રાજાઓ પોતાના જૂના મહેલો અને કિલ્લાઓને સાચવીને તેમાંથી દર વરસે કરોડોની નોટો છાપે છે. એ બધા મહેલ કે કિલ્લા તાજમહાલ આગળ પાણી ભરે પણ સવાલ જતનનો છે. મહેલોમાં સરસ મજાનાં મ્યુઝિયમ ઊભાં કરીને કે પછી કિલ્લામાં લેસર શો જેવાં આકર્ષણો ઊભાં કરીને એ લોકો પ્રવાસીઓને આકર્ષે છે. તાજ તરફ લોકો આકર્ષાય એ માટે આ બધું કરવું પડે પણ હાલના સરકારી તંત્ર કે આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાથી એ થઈ શકવાનું નથી એ જોતાં તેના માટે અલગ તંત્ર ઊભું કરવું એ જ સરળ ઉપાય છે. ■

મુખ્બિરે ઈસ્લામ | અનવર વલિયાણી

anwar.v@bombaysamachar.com

# હલાલ રોજી અને સત્યનું આચરણઃ દુઆ તકદીરની બાઝી બદલી શકવા સમર્થ

**સાંસારિક** જીવનમાં આપણે જ્યારે કોઈ વ્યક્તિ પાસેથી એવી અપેક્ષા રાખીએ છીએ કે તે આપણું કામ કરી આપે, ત્યારે તેના ગમા-અણગમાઓને આપણે ખાસ મહત્ત્વ આપીએ છીએ. એના માન-મોભાને જાળવીએ છીએ, એને રાજી રાખવાનો પ્રયાસ કરીએ છીએ અને એની સમક્ષ વાણી-વર્તનને શિષ્ટાચાર તથા સંયમની સાંકળો વડે અંકુશમાં રાખીએ છીએ. આપણે સમજીએ છીએ કે એ સિવાયના સંજોગોમાં આપણી અપેક્ષા પૂરી થઈ શકતી નથી. દુઆ કબૂલ થાય એ માટે બારગાહે ઈલાહીમાં પણ ઓછામાં ઓછું આવું વર્તન જરૂરી છે. અલ્લાહ ફરમાવે છે કે તમે મારાથી માંગો, હું તમને આપીશ. આ કથનની સાર્થકતા ત્યારે જ પુરવાર થશે જ્યારે અલ્લાહ સાથે એની ફરમાબરદારી બાબતે જે વાયદો કર્યો છે તેને પૂરો કરવાની આપણે અવિરત કોશિશ કરીશું. એણે પ્રતિબંધિત ઠેરવેલા કૃત્યોથી અળગા રહીને ભલાઈનું તત્ત્વ ધરાવતા કૃત્યો કરવામાં જ વફાદારી સમજીશું.

કપરા સમયમાં અગાઉથી જ ઓળખતા હોઈએ તેમ જ જેની સાથે મૈત્રીભર્યા સંબંધો ધરાવતા હોઈએ એવી વ્યક્તિ પાસેથી જ આપણે સહકારની આશા રાખીએ છીએ. નમાજ દ્વારા અલ્લાહ સાથે એથી પણ વિશેષ આત્મીયતાભર્યા સંબંધો બંધાઈ શકે છે. નમાજ અને બીજી ફરજિયાત ઈબાદતો મૂળ તો અલ્લાહ સાથે રોજિંદા મુલાકાતોના અવસર પૂરા પાડે છે, જેના પરિણામે દરેક વાજબી માગણીઓ પરિપૂર્ણ થવાના સંજોગોનું અલ્લાહ નિર્માણ કરે છે. આપણે જે વ્યક્તિ પાસેથી મદદની અપેક્ષા રાખીએ છીએ, એની સલાહને માથે ચઢાવીએ છીએ. એણે ચીંધેલું કામ કાળજીપૂર્વક કરી આપીએ છીએ. એને આપેલા વચનને પાળવા ભરપૂર પ્રયત્ન કરીએ છીએ. ટૂંકમાં એ કે એને ગમતાં નાના-મોટા કામો દ્વારા એની સેવા કરીએ છીએ. એ જ પ્રમાણે બારગાહે ઈલાહીમાં જેની સેવાઓ વધારે હોય છે તેની દુઆઓ સત્વરે કબૂલ થાય છે. જોકે એ માટે હલાલ રોજી અને સત્યનું આચરણ પણ આવશ્યક છે. પોતાનાં કુટુંબીજનો કે સગાં-સ્નેહીઓ એકત્રિત થઈને સમૂહગત દુઆનું પ્રયોજન કરે તો એ વધારે લાભદાયી સાબિત થઈ શકે છે. દુઆ કબૂલ ન થવાની શક્યતાઓ નહીંવત્ છે. વળી એનાથી બંધુત્વની ભાવના અને પ્રેમભાવ વધે છે, જે સાંસારિક જીવનમાં પરસ્પર મદદરૂપ થવામાં નિમિત્ત બને છે. દુઆમાં સ્વાર્થવૃત્તિ અને સંકુચિત મનોવૃત્તિનું પ્રદર્શન કરવું જોઈએ નહીં. બીજાઓનું ભલું થાય એ માટે પણ અલ્લાહને અરજ ગુજારવી જોઈએ. ખાસ કરીને આલિમો, વડીલો, બીમારો, કેદીઓ, મુસાફરો તથા મૃત્યુ પામેલા લોકોના લાભાર્થે ગળગળા સાદે યાચના કરવી જોઈએ. આ બાબત દુઆને જલદી કબૂલ કરાવનારી છે.

એ વાતનો ખાસ ખ્યાલ રાખવો કે અમુક ચોક્કસ વખતોમાં કરવામાં આવતી દુઆ અવશ્ય કબૂલ થાય છે. કલામે પાકની તિલાવત કરતી વેળાએ, અઝાનના સમયે તથા વાજિબ નમાજોની અદાયગીના અંતે નિયમિત સ્વરૂપે વધુથી વધુ પ્રમાણમાં દુઆ કરવા ઈસ્લામી શિક્ષણ આગ્રહ કરે છે. અડધી રાતથી લઈને નમાજે સુબ્હ સુધીનો સમય દુઆ કબૂલ થવાનો ઉત્તમ સમય લેખાય છે. પ્રત્યેક મુસ્લિમે દિવસમાં ઓછામાં ઓછી ત્રણ વાર તો દુઆ કરવી જ જોઈએ. આ ઉપરાંત જુમ્આ (શુક્રવાર)ના દિવસે તથા માહે રમઝાનુલ મુબારકમાં વિશેષ પ્રમાણમાં દુઆ કરતા રહેવું જોઈએ. મુશળધાર વરસાદ વરસી રહ્યો હોય, વાવાઝોડું ફુંકાઈ રહ્યું હોય, અફરાતફરીનું વાતાવરણ હોય અને નિર્દોષોને મોતને ઘાટ ઉતારવામાં આવતા હોય એવા વખતે કરવામાં આવતી દુઆને અલ્લાહ કદી રદ્ કરતો નથી.

દુઆ કરતા પહેલા પોતાના ગુનાઓનો એકરાર કરવો, લાચારી જાહેર કરવી, પ્રાયશ્ચિત કરવું, કોઈનો હક નીકળતો હોય તો ચૂકવી આપવો, ચૂકવવાની સ્થિતિ ન હોય તો હાલત સુધરતાં ચૂકવી દઈશ એવી નિય્યત કરવી અને એ માટે અલ્લાહ પાસેથી સદ્બુદ્ધિ અને શક્તિ મળી રહે તે માટે દુઆ કરવી. હાજતમંદો અને મિસ્કીનોને સહાય કરવામાં પાછીપાની ન કરવી, કારણ કે આ લોકો અલ્લાહના દરબારના છડીદાર અને લાડીલા બંદા છે. એમને રાજી કરવાથી અલ્લાહ રાજી થાય છે અને દુઆઓને કબૂલ કરે છે.

દુઆ ક્યારેય વ્યર્થ જતી ના હોઈને એ વિશેની માહિતી ઈન્શાઅલા આવતા અંકમાં લેખના છેલ્લા ભાગમાં જાણીશું. - **કબીર સી. લાલાણી**

* * *

**હિદાયતની મશાલ**

દીન અને દુનિયાનાં કામોમાં બરાબર પુરુષાર્થ કરતા રહો. ■

આજનું પંચાંગ | પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

## ગુરુવાર, તા. ૧૨-૭-૨૦૧૮ (દક્ષિણાયન-સૌર વર્ષા ઋતુ) શિવરાત્રિ, વિષ્ટિ

● ભારતીય દિનાંક ૨૧, માહે આષાઢ, શકે ૧૯૪૦ ● વિક્રમ સંવત ૨૦૭૪, શા. શકે ૧૯૪૦, નિજ જ્યેષ્ઠ વદ-૧૪ ● જૈન વીર સંવત ૨૫૪૪, માહે તિથિ નિજ જ્યેષ્ઠ વદ-૧૪ ● પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૧મો બહેમન, સને ૧૩૮૭ ● પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૮૭ ● પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહ ૪થો તીર, સને ૧૩૮૭ ● મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૩૯ ● મીસરી રોજ ૨૯મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૩૯ ● નક્ષત્ર : આર્દ્રા રાત્રે ક. ૨૧-૫૩ સુધી, પછી પુનર્વસુ. ● ચંદ્ર : મિથુનમાં ● ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ) ● સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૯, અમદાવાદ ક. ૬ મિ. ૦૩ સ્ટા. ટા. ● સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭ સ્ટા. ટા. ● મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ● ભરતી : સવારે ક. ૧૧-૨૭, રાત્રે ક. ૨૩-૨૦ ● ઓટઃ સાંજે ક. ૧૭-૨૧, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૪ (તા. ૧૩મી) ● વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૪, 'સૌમ્ય' નામ સંવત્સર. શાલિવાહન શક ૧૯૪૦, 'વિલંબી' નામ સંવત્સર. નિજ જ્યેષ્ઠ વદ-ચૌદસ. દર્શ અમાસ, અન્વાધાન, તીર્થમાં શ્રાદ્ધ, તર્પણ, પ્રાયશ્ચિત સ્નાન, સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુમાં, વાહન દેડકો. ● શુભાશુભ દિન શુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે. ● મુહૂર્ત વિશેષઃ બ્રહ્માજી, ઇન્દ્ર, શિવ પૂજા, શ્રી વિષ્ણુપૂજા, તીર્થમાં શ્રાદ્ધ. રાહુ ગ્રહદેવતાનું પૂજન, અગરની ઔષધિ શિવજીને અર્પણ કરવી, નવા ઔષધ ઉપચારનો પ્રારંભ, શ્રી દત્તાત્રેય મંદિર તથા પોતાના ઈષ્ટ દેવતાના મંદિરમાં પીળા ફૂલ, પીળા વસ્ત્ર અર્પણ કરવાં. શ્રી સપ્તસતી પાઠ વાંચન, હવન, શ્રી સત્યનારાયણ વ્રત કથા વાંચન. નિત્ય થતા પશુ લેવડ-દેવડના કામકાજ, ઘર, જમીન, મકાન લેવડ-દેવડના કામકાજ. ● જૈન તિથિ નોંધઃ શ્રી અચલગચ્છીય (વિધિ પક્ષ) શ્વેતાંબર જૈન સંઘ મુજબ આજ રોજ નિજ જ્યેષ્ઠ વદ-૩૦, અન્યત્ર નિજ જ્યેષ્ઠ વદ-૧૪. ● આચમનઃ ચંદ્ર-શનિ પ્રતિયુતિ વ્યવસાયમાં નફા-નુકસાન પરત્વે સતત સર્તક રહેવું જરૂરી, શુક્ર-હર્ષલ ત્રિકોણ લોકપ્રિય, ચંદ્ર-ગુરુ ત્રિકોણ સહાનુભૂતિવાળા, ચંદ્ર-નેપચ્યૂન ત્રિકોણ સ્વપ્નદૃષ્ટા. ● ખગોળ જ્યોતિષ : ચંદ્ર-શનિ પ્રતિયુતિ, શુક્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-નેપચ્યૂન ત્રિકોણ. ચંદ્ર વિષુવવૃત્તથી ઉત્તરે ૨૦ અંશ, ૫ કળાના અંતરે રહે છે. બુધ પૂર્વમાં ૨૬ અંશ પર ખૂબ ઊંચે દેખાશે. ચંદ્ર વિષુવવૃત્તથી ૨૦ અંશ ૪૫ કળાના અંતરે રહે છે. બુધ પૂર્વમાં ખૂબ જ ઊંચે ૨૬ અંશના અંતરે રહેશે. ● અમાવસ્યાનો ચંદ્રોદય : મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૬ (તા. ૧૩મી), અમાવસ્યાનો ચંદ્રાસ્તઃ સાંજે ક. ૧૮-૪૧ ● ગ્રહ ગોચરઃ સૂર્ય-મિથુન, વક્રી મંગળ-મકર, બુધ-કર્ક, ગુરુ-તુલા, શુક્ર-સિંહ, વક્રી શનિ-ધનુ, રાહુ-કર્ક, કેતુ-મકર, હર્ષલ-મેષ, વક્રી નેપચ્યુન-કુંભ, વક્રી પ્લુટો-ધનુ.



# પ્રજામત

## જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામના

મુંબઇ સમાચાર હું વરસોથી વાંચું. આજે કૃતજ્ઞતા વ્યક્ત કરું. રૂબરૂ ના મળી શકું પરિવારને, આજે જન્મદિવસની શુભકામનાઓ સાથે ચાલો સહુને હું બિરદાવું.

સૌ પ્રથમ તંત્રીશ્રી તટસ્થતાથી કારોબાર ચલાવે, એમનો આદર હું કરું અખબાર પ્રગતિ કરતું રહે એવા દિલના આશિષ દઇને, માંડીને હું મારી વાત કહું.

રોજ બપોરે ચાની ચુસકી લેતાં, કાન્તા વોરાના ખોખાભરું
'ગુડ આફટર નૂન' કહીને સૌરભ શાહ સાથે
નિતનવીન હું વાતો કરું.
આશુ પટેલ પાસેથી 'સુખનો પાસવર્ડ' મેળવી
નવા જીવનના પાઠ શીખું
રાજકારણમાં ચાય ન ડૂબે, મળવા જેવા માણસને મળું.
અધ્યાત્મની વાતો લાગે વ્હાલી, સોમવારનો ઈંતઝાર કરું
'ધર્મતેજ ' ના અલૌકિક થાળથી આત્માને હું પુષ્ટ કરું.
મોરારિબાપુનું જ્ઞાન મેળવી, જીવન ને હું ધન્ય કરું.
કબીરજીની વાણી સાંભળું, ગીતાની બંસીમાં મગ્ન બનું.
મહેન્દ્ર પુનાતરની ધર્મની વાતો વાંચીને ચિંતન-મનન કરું.
'મટ એન્ડ જેફ' પર નજર પડે જ્યારે મારું બચપણ યાદ કરું.
'મારી વાત' તથા વાર્તાઓ લખવા બદલ નવા લેખક ગણને
અભિનંદન દઇને હવે મારી કલમને વિરામ દઉં.
મુંબઇ સમાચાર જુગ જુગ જીવો એવી અંતરની શુભકામના.

– શારદા અરવિંદ કોટક
હિંદુસ્તાન ચોક, મુલુંડ – ૮૨

## મુંબઇ સમાચાર ૧૯૭મા વરસે પણ યૌવન ટકાવી રાખતું અખબાર

રવિવાર ૧લી જુલાઇ એટલે સૌનું લાડકવાયું ગુજરાતી પરિવારનું અખબાર એટલે મુંબઇ સમાચાર સૌના આ અખબાર ૧લી જુલાઇ ૧૮૨૨માં પા પા પગલી ભરીને અખબારની દુનિયામાં પ્રવેશ કર્યો અને આજે પણ યુવાન બનીને ૧૯૭ વર્ષે પણ દીવાદાંડીની જેમ પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. કહેવાય છે કે કોઇપણ અખબારને ઘડપણ આવતું નથી પણ દિવસે દિવસે સદા યુવાન બનીને વાચકોના હૃદયમાં સદાને માટે ટકી રહે છે. આવા હર કોઇના લાડીલા અખબારને તેનો જન્મદિને હાર્દિક અભિનંદન અને શુભકામના.

આ અખબારમાં દેશવિદેશના સમાચારોની સાથે દરરોજ દરેક પ્રકારનાં વાંચનની ભરપૂર પૂર્તિઓ આપો છો જેમાં આધ્યાત્મિક વર્ગ માટે, મહિલાઓ માટે, યુવાનો માટે અને દર રવિવારે 'ઉત્સવ' મારફત વાંચનની પૂર્તિ ખરેખર એટલી સુંદર અને લાજવાબ આપો છો કે જાણે વાંચનનું ટોનિક મળી જાય છે. આપના અખબાર મારફતે નવોદિત લેખકોને પોતાની સાહિત્યની રચના લખવા માટે પ્રોત્સાહન આપો છો. શહેરમાં અને પરાં બાજુ સાહિત્યના અલગ અલગ સેમિનાર ગોઠવીને ગુજરાતી ભાષા ટકાવી રાખવા સતત પ્રયત્ન કરો છો. આમ આપનું અખબાર આજે દેશવિદેશમાં લોકપ્રિય બની ગયું છે. બીજું કે, આ અખબારની સાથે દિવાળી અંક, વસંત અંક અને દોઢ વરસનું પંચાંગ પણ પ્રકાશિત કરો છો. આવતા થોડાં વરસમાં આ અખબારને ૨૦૦ વરસ થશે તેને માટે શુભ કામના અને ફરી વખત આ અખબારને હેપ્પી બર્થડે. જુગ જુગ જીઓ. મુંબઇ સમાચારના તંત્રી નીલેશ દવે અને કર્મચારીઓને હાર્દિક શુભેચ્છા.

– ઘનશ્યામભાઇ એચ.ભરુચા
– હંસાબહેન જી. ભરુચા
વિરાર

## 'મુંબઇ સમાચારને અભિનંદન'

મુંબઇ સમાચાર વર્તમાનપત્ર 'પ્રાગટ્ય દિવસ, ગુજરાતી, પારસી, તથા વિવિધ ગુજરાતી ભાષા જાણકારને માટે આશીર્વાદ દિવસ આજદિન સુધી બની રહ્યો છે. ૧૯૬ વર્ષ પૂરાં કરી ૧૯૭ વર્ષમાં પ્રવેશ બદલ હાર્દિક, લાખ લાખ અભિનંદન તથા શુભેચ્છા.

આવતું નવું વર્ષ નવું નવું મનોરંજન ભર્યું- મનભાવન- મનસુખદાયક બની રહે એવી પ્રભુપ્રાર્થના કરી, ખૂબ ખૂબ લોકોપયોગી કાર્યો આ વર્તમાનપત્ર દ્વારા રસાળ થાળ સ્વરૂપે સુંદર વાનગીની જેમ રસપ્રદ સમાચાર લઇ આવે, એ જ પ્રભુપ્રાર્થના.

એક જમાનામાં બ્રિટિશરાજ્ય શાસન દરમિયાન ગુજરાતી ભાષાની સેવામાં તત્પર મરહુમ મહેરવાનજી રૂસ્તમજી કામા એ છાપ્યું અને પ્રગટ કરી, ગુજરાતી ભાષી જનસમુદાયનું ઉત્થાન કાર્ય હાથ ધર્યું તે બદલ હાર્દિક અભિનંદન.

– ગિરીશ કે શાહ.
મંગળવાડી, ગીરગામ, મુંબઇ – ૪

## પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા મિત્રોને ખાસ વિનંતી કે ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ અને ટેલિફોન અથવા મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈડી નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

રાશિ કહે છે... | ॥ શુભમ્ ભવતુ ॥ રાજેન મહેતા

rajen.mehta@bombaysamachar.com

● મેષ (અ, લ, ઈ): તમારી ઝડપથી વિચારવાની ને કાર્ય કરવાની પદ્ધતિને કારણે હરીફો-પ્રતિસ્પર્ધીથી એક પગલું આગળ રહો.

વૃષભ (બ, વ, ઉ): તમારું આર્થિક આયોજન બરાબર નહીં કરો તો પસ્તાવાનો વારો આવે, બૅન્ક બેલેન્સ ઓછું થાય.

મિથુન (ક, છ, ઘ): તમારા કાર્યક્ષેત્રે ઓછી મહેનતે વધુ નાણાકીય લાભ થાય તેવી યોજના બનાવો ને સફળ રહો.

કર્ક (ડ, હ): તમારા કામકાજમાં તથા આર્થિક ખર્ચા બાબતે ખેંચતાણ રહે, અંત સમયે આવેલું કાર્ય બગડી જાય.

સિંહ (મ, ટ): તમારા મનમાં રહેલી ઈચ્છા પૂરી થાય, સાથે રોજિંદા કાર્યમાં તથા આવકમાં ધરખમ વધારો થાય.

કન્યા (પ, ઠ, ણ): તમારી વિશ્લેષણ શક્તિ તથા સમજદારીને કારણે હાથમાં રહેલા કાર્યને વધુ સારી રીતે પાર પાડો.

તુલા (ર, ત) તમારા કાર્યક્ષેત્રે નાનકડી ભૂલ કે લાપરવાહી મહેનત પર પાણી ફેરવી નાખે, આર્થિક કશ્મકશ સર્જાય.

વૃશ્ચિક (ન, ય): તમારા કાર્યક્ષેત્રે બનાવેલી યોજના એમની એમ જ રહે, મહેનત બધી વ્યર્થ જાય, નાણાકીય તંગી રહે.

ધનુ (ભ, ફ, ધ, ઢ): તમારા અંગત પ્રશ્નોનું નિરાકરણ થઈ જાય, આવકનાં સ્ત્રોતનાં નવા દ્વાર ખૂલે, પ્રસન્ન રહો.

મકર (ખ, જ): તમારા કાર્યક્ષેત્રે બનાવેલી યોજના અનુસાર કાર્ય આગળ વધારશો, વિરોધીઓનો હિંમતથી સામનો કરશો.

કુંભ (ગ, સ, ષ, શ): તમારા રોજિંદા રૂટિન કાર્યમાં મન ન લાગે કારણ વાતાવરણ ધૂંધળું હોય, માનસિક પરિતાપ ભોગવો.

મીન (દ, ચ, ઝ, થ): તમારા મનમાં નકારાત્મક વિચાર કે તર્ક ભટકાવે, કામકાજ આગળ ન વધતા મનોભાર વર્તાય.